૨૦ ૮

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# ચિઠ્ઠીપોથી

160081



સંપાદન:

ગિજુભાઈ

તારાબેન

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા ! પુસ્તક ૨૭ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# ચિઠ્ઠીપોથી

: લેખક :

ગિજુભાઈ

૧૬૩

☆

: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

મે ૧૯૬૫

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ–૨

: મુદ્રક :
જુગલદાસ ચંપકલાલ મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

* * *

બાલસાહિત્યમાળાનાં

૮૦ પુસ્તકો

*

દરેકની કિંમત પચાસ પૈસા

(આખા સેટનાં રૂ. ૪૦=૦૦)

કુલ નકલ ૧૪,૬૯૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૧૪૫

બીજી આવૃત્તિ
પાંચ મુદ્રણો
૮૪૦૦ નકલો

છઠું મુદ્રણ
૧૧૫૦ નકલો
તા. ૨૬–૫–૬૫

# ચિંકી પોથી

: ૧ :

ઊભા થાઓ.

બેસી જાઓ.

ધીમા ચાલો.

ઝટ ચાલો.

ધીમા દોડો.

ઝટ દોડો.

બહાર જાઓ.

અંદર આવો.

તાળી પાડો.

કૂદકા મારો.

☆ ☆

: ૨ :

પાટી લાવો.

પેન લાવો.

ચાક લાવો.

પાટિયું લાવો.

ચોપડી લાવો.

પેનસિલ લાવો.

ખુરશી લાવો.

ટેબલ લાવો.

આસન લાવો.

છરી લાવો.

☆ ☆

: ૩ :

નાક બતાવો.

કાન બતાવો.

હાથ બતાવો.

પગ બતાવો.

છાતી બતાવો.

વાંસો બતાવો.

આંગળી બતાવો.

જીભ બતાવો.

દાંત બતાવો.

માથું બતાવો.

☆ ☆

: ૪ :

ઊભા થાઓ.

બહાર જાઓ.

હાથ જોડો.

સૂરજને નમો.

પાછા આવો.

બેસી જાઓ.

રામ બોલો.

ભજન ગાઓ.

તાલ આપો.

મંજીરાં વગાડો.

☆ ☆

: ૫ :

વાળી નાખો.

કાચ લૂછો.

ઘોડી લૂછો.

છબી લૂછો.

ખુરશી મૂકો.

રૂમાલ બાંધો.

હાથ ધુઓ.

નખ જુઓ.

વાળ જુઓ.

કપડાં જુઓ.

☆ ☆

: ૬ :

ઊભા થાઓ.

દાતણ લ્યો.

દાતણ ચાવો

કૂચો કરો.

દાંત ઘસો.

ચીર કરો.

ઊલ ઉતારો.

પાણી લ્યો.

કોગળા કરો.

દાંત ધુઓ.

☆ ☆

:૭:

હાથ ધુઓ.

પગ ધુઓ.

મોં ધુઓ.

વાળ ઓળો.

ચાંદલો કરો.

પગે લાગો.

આસન લાવો.

નીચે બેસો.

પલાંઠી વાળો.

શાંત બેસો.

☆ ☆

: ૮ :

ઢગલા ઉપર ચઢો.
ઝીણી ધૂળ ચાળો.
પ્યાલે પ્યાલે ભરો.
એ દડો ફેંકો.
પેલો દડો ઝીલો.
દડો ઊંચે ઉલાળો.
આકાશ સામે જુઓ.
ઝાડ સામે જુઓ.
ફૂલ સામે જુઓ.
રંગ એનો કહો.

☆ ☆

: ૯ :

ઉત્તરમાં ઘા કરો.

દક્ષિણમાં ઘા કરો.

પૂર્વમાં ઘા કરો.

પશ્ચિમમાં ઘા કરો.

ઊંચે ઘા કરો.

નીચે ઘા કરો.

વાયવ્ય ખૂણે ઘા કરો.

ઈશાન ખૂણે ઘા કરો.

અગ્નિ ખૂણે ઘા કરો.

નૈઋત્ય ખૂણે ઘા કરો.

☆ ☆

: ૧૦ :

એક પગે ચાલો.

બે પગે ચાલો.

ત્રણ ફૂલ તોડો.

ચાર ફૂલ સૂંઘો.

પાંચ મોતી પરોવો.

છ મોતી ઉપાડો.

સાત આંગળાં અડાડો.

આઠ આંગળાં અડાડો.

નવ નખ બતાવો.

દસ નખ ઉતરાવો.

☆ ☆

:૧૧:

પીંપરને અડી આવો.
કુસુમને વળગી પડો.
જમવાની થાળી ગણો.
આકડાનાં પાન લાવો.
રેતીના કૂબા કરો.
એંતાળીશ કૂદકા મારો.
વાટકીને ઊટકી લાવો.
પાટીને ધોઈ નાખો.
કાગડાને ઊડાડી મૂકો.
ગધેડાને હાંકી કાઢો.

☆ ☆

: ૧૨ :

મોગરાને પાણી પાઓ.
ડોલરનો ક્યારો ગોડો.
ગુલાબનું ફૂલ સૂંઘો.
ચંપાની ડાળે ચડો.
જૂઈની કળીઓ તોડો.
તુલસીનાં પાન વીણો.
મરવાનાં માંજર હચો.
સદાફૂલીની શિંગો હચો.
બીણિયાનાં બી હચો.
કરેણનાં ફૂલ હચો.

☆ ☆

: ૧૩

અરીસામાં મોં જુઓ.

કાંચકીથી વાળ ઓળો.

પાણીથી હાથ ધુઓ.

કપાળે ચાંદલો કરો.

અંબોડામાં ફૂલ નાખો.

બાને પગે લાગો.

બાપાને વંદન કરો.

બહેનને બચી દયો.

ભાઈને ચોપડી આપો.

ગાયને પાણી પાઓ.

☆ ☆

: ૧૪ :

ઘોડાને ઘાસ નાખો.

ચકલીને ચણા નાખો.

કૂતરાને રોટલી નાખો.

મીનીને દૂધ પાઓ.

લીલા મગ લાવો.

કાળા અડદ લાવો.

પીળી હળદર લાવો.

લાલ કંકુ લાવો.

ભૂરું પોલકું લાવો.

ધોળો ચાક લાવો.

☆ ☆

:૧૫:

કાંતાબેનને નાકે અડો.

રમાબેનને કાને અડો.

બાલાબેનને હોઠે અડો.

ચંપાબેનને ગાલે અડો.

દેવીબેનને દાઢીએ અડો.

મોતીભાઈને હાથે અડો.

રઘાભાઈને પગે અડો.

લખાભાઈને પેટે અડો.

દેવાભાઈને વાંસે અડો.

જમુભાઈને નખે અડો.

☆ ☆

: ૧૬ :

પચાસ વાર કાન પકડો.
પચાસ વાર નાક પકડો.
પચાસ વાર આંખ મીંચો.
પચાસ વાર આંખ ખોલો.
પચાસ વાર મોં ફાડો.
પચાસ વાર બંધ કરો.
પચાસ વાર બેસી જાઓ.
પચાસ વાર ઊભા થાઓ.
પચાસ વાર સૂઈ જાઓ.
પચાસ વાર બેઠા થાઓ.
પચાસ ગલોટિયાં ખાઓ.
પચાસ ઠેકડા મારો.

☆ ☆

:૧૭:

બે પાટી લઈ આવો.

એક પાટી મને આપો.

એક પાટી તમે રાખો.

બે પેન લઈ આવો.

એક પેન તમે રાખો.

એક પેન મને આપો.

બે ચોપડી લઈ આવો.

એક ચોપડી મને આપો.

એક ચોપડી તમે રાખો.

બે આસન લઈ આવો.

એક આસન તમે રાખો.

એક આસન મને આપો.

☆ ☆

: ૧૮ :

ખુરશી પાસે ઊભા થાઓ.

ખુરશી ઉપર બેસી જાઓ.

ઘરની અંદર ચાલ્યા જાઓ.

ઘરની બહાર ચાલ્યા આવો.

ભીંત પાસે ઊભા રહો.

મારી નજીક ઊભા રહો.

કબાટ પાછળ ઊભા રહો.

કબાટ આગળ ઊભા રહો.

તમે ઊંચે જોઈ રાખો.

તમે નીચે જોઈ રાખો.

હું આમતેમ ફૂલ શોધું.

તમે આજુબાજુ ચક્કર મારો.

☆ ☆

: ૧૯ :

બધાં ટેબલ સાફ કરો.
ચાર વાર કૂદકા મારો.
બે પતંગિયાં જોઈ આવો.
દસ ધોળાં મોતી લાવો.
હાથ ધોઈ લૂછી નાખો.
પગ ધોઈ જમવા આવો.
ફળિયું વાળી પાણી છાંટો.
મોં ધોઈ કોગળા કરો.
ચોપડી લઈ પાઠ વાંચો.
ઝાડે ચડી કૂદકો મારો.
રમા સાથે કુસ્તી કરો.
મારી પાછળ દોડ્યા આવો.

☆ ☆

: ૨૦ :

એક, બે, ત્રણ, ચાર બોલો.

ત્રણ ચાર, ચાર પાંચ લખો.

પાંચ છ, છ સાત ગણો.

સાત, આઠ, નવ, દસ ભણો.

બા પાસેથી નાની છરી લાવો.

બાપા પાસેથી મોટો છરો લાવો.

ભાઈ પાસેથી ટૂંકી સોટી લાવો.

બેન પાસેથી લાંબી સોટી લાવો.

ઘર પાછળથી ભારે પથ્થર લાવો.

ઘર આગળથી હળવો પથ્થર લાવો.

અભરાઈએથી મોટો કળશો લાવો.

અભરાઈએથી નાનો કળશો લાવો.

☆ ☆

: ૨૧ :

ગાલ ઉપર ચાર ટીચકી મારો.

તમારી આંખે પાટા બાંધો.

બે કાન ઉપર બે હાથ મૂકો.

ઝાડ ઉપર ઝટ ઝટ ચડો.

છેટે સુધી એક દોટ મૂકો.

સડક પાસે એક ખાડો કરો.

પાટ પાસે બે ખુરશી મૂકો.

મામા માટે ટાઢું પાણી લાવો.

મામા માટે પાનસોપારી લાવો.

મામાનું તમે નામઠામ પૂછો.

મામાને તમે ફઈનું ઘર બતાવો.

મામાને મામીની ખબર પૂછો.

☆ ☆

## : ૨૨ :

એક સુંદર ચિત્ર કાઢી રમુને બતાવો.
તમારી બધી બેનોનાં નામ લખી લાવો.
આ કાગળ હતો ત્યાં મૂકી આવો.
આ કૂંડામાંથી બધો કચરો કાઢી નાખો.
આપણાં ઘરનાં બધાં માણસોને પગે લાગો.
તમારા બધા મિત્રોને મારી પાસે લાવો.
પાંદડાં અને ફૂલ વડે ઓરડાને શણગારો.
કમુને તેની છરી હાથોહાથ પાછી આપો.
બે ત્રિકોણને એક ચોરસ ઉપર મૂકો.
આ ઝાડને કેટલાં ફૂલ છે તે તમે ગણો.
સામે આવેલી ઊંચી ટેકરી ઉપર ચડો.
મૂળજીને કહો: "આવી જા, કુસ્તી કરવા."

☆ ☆

: ૨૩ :

આ ગોળાને ભોંયે મૂકી પાછા આવો.

મારા બૂટને સાફ કરી અભરાઈએ મૂકો.

લાલ કંકુનો ચાંદલો કરી કાચમાં જુઓ.

ત્રણ છોકરાને બોલાવી સામે ઊભા રાખો.

આઠ બહેનોને બોલાવી રાસ લેવા કહો.

રેતીમાં પાણી છાંટી પાંચ ખુરશી મૂકો.

ટેબલને સાફ કરી ત્રણ ફૂલ ગોઠવો.

થાંભલા ફરતા સૌ સાત ફેરા ફરો.

ચમનને પાણી પાઈ અંદર જઈને બેસો.

તમારી બહેનને તેડી બહાર ફરી આવો.

મારી ટોપીને સાફ કરી ઊંચે મૂકો.

છરીને બંધ કરી મેજ ઉપર રાખો.

☆ ☆

: ૨૪ :

રાધાબેને શું શું રાંધ્યું તે તમે કહો.
નાનીબેને શું શું કહ્યું તે તમે બોલો.
ચુનીલાલે શું શું ગાયું તે તમે કહો.
મોટાભાઈએ જે જે લખ્યું તે તમે લખો.
સારાકાકા જે જે વાંચે તે તમે સાંભળો.
કાલે તમે જે જોયું તે અમને કહો.
કાલે તમે જે ખાધું તે તમે લખો.
આજ તમે ક્યાં જશો તે અમને કહો.
રોજ તમે શું વાંચો છો તે અમને જણાવો.
આ ફૂલને કેટલી પાંખડી છે તે તમે ગણો.
દોડતા જઈ પેલા ઝાડ ઉપરથી
પાંચ પાંદડાં તોડી લાવો.

☆ ☆

: ૨૫ :

એક સરસ ગીતની બે લીટી લખી લાવો.
થોડાંએક મોતી લઈ તેનો એક હાર કરો.
જૂઈનાં ફૂલ લઈ સારી એવી વેણી કરો.
લાલ દોરા લઈ આ કપડામાં ભરત ભરો.
થોડાએક રંગ લઈ આ ચિત્રમાં પૂરી દો.
ભાતભાતના રંગ લઈ આજે ઓરડામાં
રંગોળી કરો.
ડબ્બામાંથી થોડા ચોખા કાઢી કચરો-
કાંકરા વીણી કાઢો.
કાલે આવો ત્યારે ધોયેલો રૂમાલ ગળે
બાંધીને આવજો.
ધૂપ સળગાવો ને તેની સુગંધ ભાઈચંદને
જઈને સૂંઘાડો.

☆ ☆

: ૨૬ :

અવાજ કર્યા વિના દોડતાં દોડતાં મનુભાઈ પાસે જાઓ.

કવર ઉપર તમારું નામ પૂરેપૂરું લખી રાજારામને આપો.

પેલી શેતરંજીના પટ્ટા ગણીને રમાબેનને ધીમેથી કહી આવો.

ગિજુભાઈએ શો જવાબ આપ્યો તે મને કાનમાં કહો.

તમારો ઓરડો વાળીચોળી ચોખ્ખોચણક કરી નાખો.

આજે જેટલાં ચિત્ર કર્યાં હોય તે મને બતાવો.

તમને સૌથી વધારે ગમતાં ફૂલનું નામ લખી લાવો.

☆ ☆

: ૨૭ :

નાટકમાં તમને જે પાઠ ગમે તે તમે
ભજવી બતાવો.

વાર્તામાંની તમને જે વાર્તા ગમતી હોય
તે તમે કહી સંભળાવો.

એક પગની લંગડી કરી, ધમ્મચકરડી
લઈ લૂલિયાનું ગાયન ગાતાં ગાતાં
નાટક કરો.

આપણા નાના ઓરડાના પુસ્તકાલયમાં
જે પુસ્તકો છે તે લાવો.

એક વીર પુરુષ પેઠે પેલા રામભાઈને
કહો કે લડવા આવો.

રજા લઈને તારાબેનના ટેબલ પાસે બેસી
જઈ પાછા આવો.

આજે ચાલણગાડીમાંથી કેટલા પાઠ વાંચ્યા
તે મને કહો.

રામભાઈને આ ચિઠ્ઠી આપી રામરામ
કહી બેસી જાઓ.

દોરડાથી તમારા પગ બાંધીને કૂદતાં
કૂદતાં મારી પાસે આવો.

જમીન પર આસન પાથરી આંખ મીચી
ધ્યાન કરો.

નર્મદાબેનને પૂછો કે તમારા ઓરડામાં
ક્યારે આવીએ ?

કમળાબેનને પૂછો કે આજે તમે કઈ
વાર્તા કહેશો ?

રામભાઈને પૂછો કે ગાડીઓ આવી ગઈ ?

☆ ☆

: ૨૮ :

માણસનાં એવાં પાંચ નામ લખો કે જેનો પહેલો અક્ષર કા આવે.

જેને છેડે મ આવે એવાં દસ નામ લખી લાવો.

ચ, મો, ક, કા, લી, ર, ગ, ડો. આટલા અક્ષરોમાંથી ત્રણ પક્ષીઓનાં નામ શોધી કાઢો.

ખોળીને ખાવાનાં નામો લખી લાવો :—

બ, પેં, ર, મ, ડા, ફી, ગ, પુ, જ, રી.

નીચેના અક્ષરોમાંથી છ ગામનાં નામ ઓળખી કાઢો :—

ક, ભા, સુ, સું, રા, વ, ર, જ,
બ, મ, વા, લ, તા, ક, ન, ત,
ઈ, કો, ર, દ, ટ, ગ, અ, દા.

તમારા કાકાની વાડીમાં ક્યાં ક્યાં ફૂલો થાય છે તે કહો ભાઈ.

તમારા હાથનાં આંગળાં જેટલા નાના નાના કાંકરા વીણી લાવો.

ગિજુભાઈની ટોપી પહેરી તેમની જેમ ચાલતાં ચાલતાં તેમની પાસે જાઓ.

'મોટીબહેન'નો એક પાઠ સારા અક્ષરે લખી નાખી હરિભાઈને બતાવો.

તમે અને કુલીનબાબુ સામસામે બેસીને 'મોટીબહેન'માંથી બે પાઠ વાંચો.

કમળાબેનના બાગમાં જેટલા છોડ હોય તેટલા કાંકરા વીણી લાવો.

મોંઘીબેન પાસે જઈ શાંતિથી બેસી તેમને પૂછો કે મને એક વાર્તા કહેશો?

☆ ☆

: ૨૯ :

હાથમાં લાકડી લઈ રોફથી ચાલતા આવો.
બે હાથ જોડી નમ્રતાથી ઊભા રહો.
એરંડિયું પીધું હોય એવું મોઢું કરો જોઈએ ?
ગુસ્સાથી બોલો :—
"ચાલો સૌએ રણમેદાન ! "
રોવા જેવું મોઢું કરી રામભાઈ પાસે જઈને બેસો.
ગુસ્સો કરી ગિજુભાઈને કહો : "અમને રોજ વાર્તા કેમ નથી કહેતા ?"
તારાબેનને ધીમેથી પૂછો કે તમે રાસડા જોવા આવશો ?
ખુશમિજાજથી નીચેના બાગમાં ચાર આંટા મારી આવો.

☆ ☆

: ૩૦ :

બાલમંદિરને એક પ્રદક્ષિણા કરી ઉપર આવી તમે જેને સૌથી મોટા માણસ માનતા હો તેની છબીને પગે લાગી તેનું નામ પાટીમાં લખી રામભાઈને વંચાવો.

બધી ખુરશી લૂછી નાખી, બધાં બાળકોને અડી આવી, તારાબેન અને ગોવિંદરામને પગે લાગી, તમારા ટેબલ પાસે બેઠા બેઠા વીસ વાર રામ નામ બોલી જઈ, મારી પાસે આવો ને શાંતિથી બેસો.

પાછે પગે ધીમે ડગલે ચાલતાં ચાલતાં નાનીબાની પાછળ જઈ લાકડી મૂકી ચાલ્યાં આવી છાનાંમાનાં કામે લાગો.

☆ ☆

: ૩૧ :

પૂંછડીની માફક સાત રૂમાલ બાંધી
ચાર પગે ચાલતા આવો અને
ભાઈબંધોને પૂછો કે અમે શાનું
નાટક કરતા હોઈશું ?

કેડે ફાળિયું બાંધી રાસડા લ્યો અને
વચ્ચે વચ્ચે કૂદતા જાઓ ને થાકો
તો ડાળિયા ફાકતા જાઓ.

ફૂટપટ્ટી લઈ આ ઓરડાની લંબાઈ ને
પહોળાઈ માપો ને કેટલા ફૂટ થયા
તે એક કાગળ ઉપર લખી લાવો.

જમવાનો ઓરડો વાળી નાખો, પછી
આસનો ખંખેરીને ભીંત પાસે
પાથરો, પછી પીરસેલા વાટકા નિશાની
ઉપર ગોઠવી દ્યો, ને ગિજુભાઈને
કહી આવો કે પીરસાઈ ગયું છે.

☆ ☆

: ૩૨ :

[ નાટક કરવાની ચિઠ્ઠીઓ ]

સૂરજબેને જઈ લીલુબેનને કહ્યું :
"ચાલો આપણે પ્રાર્થના કરીએ."
લીલુબેન કહે : "હા હા, ચાલો; ક્યાં કરશું ?"
સૂરજબેન કહે : "અહીં જ કરીએ."
લીલુબેન કહે : "ના, ઓશરીમાં."
લીલુબેન આસનો લાવ્યાં ને સૂરજબેને તે પાથર્યાં. પાથરીને પછી બંને તેના ઉપર બેઠાં.
સૂરજબેન અને લીલુબેને હાથ જોડી ટટ્ટાર બેસી આંખો મીંચી ધીમેથી 'પ્રભો અંતર્યામી' ગાયું.
પ્રાર્થના પૂરી કરી તેઓ ઊઠ્યાં ને આસનો સંકેલીને જગ્યાએ મૂકી આવ્યાં.

[ નાટક કરવાની ચિઠ્ઠીઓ ]

: ૩૩ :

મૂળજીભાઈ, રામજીભાઈ, ભગવાનલાલ ને
ચંદુલાલને કુલીનબાબુ કહી આવ્યા
કે નાટક કરવા ચાલો.
મૂળજીભાઈ ઉંદર થયા, ભગવાનલાલ
દરજી થયા, ચંદુલાલ મોતીવાળા
થયા, રામજીભાઈ ઢોલકાવાળા થયા
ને કુલીનબાબુ રાજા થયા.
ઉંદર હાથમાં એક રૂમાલ લઈ દરજી
પાસે ગયો ને કહ્યું: "દરજી.
દરજી! ટોપી સીવી આપ."
દરજી કહે: "જા જા, ચાલ્યો જા!"
ઉંદરે દરજીને ડરાવ્યો :—
"કચેરીમેં જાઉંગા,
ચાર સિપાઈ બોલાઉંગા;

બડે માર દેઉંગા;
તમાશા દેખુંગા."

દરજીએ ટોપી સીવી દીધી.

એ જ રીતે પછી મોતીવાળાએ ટોપીમાં મોતી ભરી દીધાં અને ઢોલકાવાળાએ ઢોલક આપી દીધું.

પછી ઉંદર ટોપી પહેરી, ઢોલકું લઈ રાજાની કચેરી પાસેથી નીકળ્યો.

રાજાને જોઈને ઉંદર બોલ્યો :—

"રાજા કરતાં મારી ટોપી
સારી, સારી."

રાજાએ એની ટોપી લેવરાવી લીધી.

ઉંદર કહે : "રાજા ભિખારી,
મારી ટોપી લીધી !"

રાજાએ ટોપી પાછી અપાવી.
ઉંદર કહે : "રાજા મારાથી બીના,
મારી ટોપી આપી દીધી !"
એમ કહેતો ને નાચતો નાચતો ઉંદર
ચાલ્યો ગયો.

# ચિઠ્ઠીપોથીનો ઉપયોગ વિષે

## માબાપ અને શિક્ષકોને સૂચનાઓ

૧ બાળક જાતે ચિઠ્ઠીપોથી વાંચે ને તે પ્રમાણે ક્રિયા કરે.

૨ બાળકને આ અને આ જાતની ચિઠ્ઠીઓ માબાપ કે શિક્ષક લખી આપે, અને બાળક તે મનમાં વાંચીને અમલ કરે, અને પછીથી વાંચી સંભળાવે.

૩ ચિઠ્ઠી હાથે લખતી વખતે જ પરિસ્થિતિને અનુકૂળ ફેરફારો કરી લેવા; તેમ જ બાળકની આંખને માફક આવે તેવા મોટા નાના અક્ષરોથી તે લખવી.

૪ શરૂઆતના વાંચનાર માટે ચિઠ્ઠી ચોખ્ખા ચીપેલા અક્ષરોથી લખવી; પણ પછીથી આપણા હમેશના અક્ષરોથી લખવી.

૫ નાનાં બાળકોને આ પોથી વાંચી બતાવી શકાય.

૬ મોટાંઓ કે બીજાં વાંચનારાં બાળકો એક એક ચિઠ્ઠી વાંચે ને નાનાં બાળકો તે પ્રમાણે ક્રિયા કરે, એ રીતે પણ આનો ઉપયોગ થઈ શકે.

૭ છેલ્લી બે નાટકચિઠ્ઠીઓ છે તે બીજી ચિઠ્ઠીઓથી જરા જુદી છે. બાળકો તે વાંચીને તેમાં આવતી ક્રિયાઓ પોતે કરે.

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૯-૭૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... „ ... ૨-૦૦
બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... „ ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... „ ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) „ ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) , ... ૨૩-૫૦

કિશોર કથાઓ ૧-૨ ૩-૫૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... „ ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ „ ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૦૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૦૦ | પાતાળ પ્રવેશ ... ૨-૫૦
સાહસિકોની સૃષ્ટિ ૪-૫૦ | ખજાનાની શોધમાં ૨-૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... સેટના ૮-૦૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા „ ૭-૫૦
કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... „ ૭-૫૦
ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... „ ૧૩-૫૦
સાહસકથાઓ ( ૩૨ પુસ્તકો ) ... ... „ ૭૧-૨૫

**આર. આર. શેઠની કંપની** મુંબઈ-૨ અમદાવાદ-૧

કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ